જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા..૩૦/૯/૨૦૧૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૯૬૪/૧૫

## ખાનજહાઁ દરવાજા જમાલપુર ખાતેથી દોઢેક વર્ષ પહેલા થયેલ ગુમ યુવક બાબતેની તપાસમાં મર્ડર ના ગુનાનો ભેદ ઉકેલતી ક્રાઈમબ્રાન્ચ

ગઈ તા.૩/૩/૨૦૧૪ ના રોજ રાત્રીના નવેક વાગ્યાના સુમારે જાકીરહુસેન ઉર્ફે સાજીદ સાબીરભાઈ સૈયદ ઉ.વ. ૨૧ રહે. ખાનજહાન દરવાજા ની અંદર મસ્જિદની સામે બાલાપીરની દરગાહ ની બાજુમાં જમાલપુર અમદાવાદ નાને તેના ઘરેથી તેના મિત્રો અજગરઅલી અબ્બાસઅલી શેખ તથા ઈમરાન સિકંદરખાન પઠાણ નાઓ સાથે અજમેર દરગાહ જવાનુ કહીને ઘરેથી તેઓ સાથે ગયેલ અને બે દિવસ બાદ સાથેના માણસો પરત આવી ગયેલ છતાં જાકીરહુસેન ઉર્ફે સાજીદ પરત આવેલ ન હોય તેની માતાએ તેની સાથે ગયેલ માણસોને પુછતાં આ જાકીરહુસેન તેઓ સાથે અજમેર આવેલ હતો અને અજમેર દર્શન સાથે કરેલા પરંતુ આ પછી જાકીરહુસેન અમરાવતી જવાનુ કહીને પોતાની સાથે પરત આવેલ નથી તેમ જણાવેલ જેથી તેની માતાએ પોતાના દિકરા ગુમ થયા અંગે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન જાણ કરેલી.

આ કામે અગાઉ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન દ્વારા જાકીરહુસેન ઉર્ફે સાજીદની તપાસ કરતાં આ જાકીરહુસેન મળી આવેલ નહી જેથી આ કેસની ઝીણવટભરી તપાસ કરવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ક્રાઈમબ્રાન્ચને તા.૨૬/૯/૨૦૧૫ ના રોજ સોંપેલ. જે અન્વયે શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે શ્રી કે.એન.પટેલ, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓએ તપાસ સંભાળેલ અને આ કામે જાકીરહુસેન ઉર્ફે સાજીદનુ આરોપીઓ અજગરઅલી અબ્બાસઅલી શેખ તથા ઈમરાન સિકંદરખાન પઠાણ તથા ફિરોજખાન ફતેહખાન પઠાણ તથા અનવરખાન ફતેહખાન પઠાણ નાઓએ અપહરણ કરેલ હોવાનુ તપાસ દરમ્યાન જણાઈ આવતાં તા.૨૭/૯/૨૦૧૫ ના રોજ તેની માતા સમસાદબાનુએ ફરીયાદ આપતાં આરોપીઓ વિરૂધ્ધ ડી.સી.બી. પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૮૩/૨૦૧૫ ઈ.પી.કો. કલમ ૩૬૫,૧૧૪ મુજબનો ગુનો નોંધેલ અને આ કામે ગુનામાં સંડોવાયેલ આરોપીઓ ની તપાસ હાથ ધરેલ. દરમ્યાન આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ પૈકી (૧) અજગરઅલી અબ્બાસઅલી



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

શેખ ઉ.વ.૩૨ રહે; ૨૨/ જે.પી કવાટર્સ જમાલપુર એ.એમ.ટી.એસ ઓફીસ ની સામે જમાલપુર અમદાવાદ શહેર તથા (૨) ઈમરાનખાન સિકંદરખાન પઠાણ ઉ.વ. ૩૩ રહે. બ્લોક નં. ૨ રૂમ નં.૨૪ જે.પી. કવાટર્સ જમાલપુર ચાર રસ્તા જમાલપુર અમદાવાદ નાઓને આજરોજ તા.૩૦/૯/૨૦૧૫ ના રોજ અટક કરેલ છે.

આ કામે પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમ્યાન જાણવા મળેલ કે, આ ગુનાના કામે પકડાયેલ આરોપીઓ તથા આ કામે ભોગ બનનાર જાકીરહુસેન ઉર્ફે સાજીદ નાઓ એકબીજાના મિત્રો થતા હોય જેથી ભોગ-બનનાર અવાર નવાર આરોપીઓના ઘરે આવતો જતો હતો. આ દરમ્યાન બંન્ને વચ્ચે કોઈ કારણસર દુશ્મનાવટ થઈ જતા અને તેને ગમે ત્યારે પતાવી દેવાનુ મનોમન નક્કી કરી રાખેલ હતુ.

આરોપી અજગરઅલી ઉત્તરાંચલમાં આવેલ સાબીરપીયા ક્લીયર શરીફની દરગાહ ઉપર દર વર્ષે નિયમિત રીતે જતો હોઈ જ્યાં દરગાહ થી થોડેદુર ગંગા નદીની કેનાલમાં પાણીનો વેગ ખુબજ તિવ્ર હોય છે અને ત્યાં માણસોની અવર-જવર પણ ઘણી હોય આ જગ્યાએ લઈ જઈ તેને કેનાલમાં ફેંકી દેવાની નક્કી કરી આ પ્રમાણે જાકીરહુસેન ઉર્ફે સાજીદને ગઈ તા.૩/૩/૨૦૧૪ ના રોજ રાત્રીના નવેક વાગ્યાના સુમારે અજમેર દરગાહ લઈ જવાનુ કહીને ઘરેથી અપહરણ કરી લઈ ગયેલ અને ઉતરાંચલ ખાતે ગંગા નદીની કેનાલ ઉપર વાતો કરતા-કરતા નજીક લઈ જઈ ધક્કો મારી તેનુ મોત નિપજાવેલ હોવાનુ જણાવેલ છે જે આધારે આરોપીઓની આગળની તપાસ પો.ઈન્સ.શ્રી જે.એસ ગેડમ નાઓ ચલાવી રહેલ છે.

**આરોપીઓનુ પુર્વ ઈતિહાસ**

(૧) અજગરઅલી અબ્બાસઅલી શેખ :- અગાઉ દશેક વર્ષ પહેલા ભંગાર ચોરીના ગુનામાં હવેલી પોલીસ સ્ટેશન ખાતે તેમજ આઠેક વર્ષ પહેલા રીક્ષા ચોરીના ગુનામાં એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં તથા છએક વર્ષ પહેલા ભંગાર ચોરીના ગુનામાં સરખેજ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છું.

(૨) ઈમરાનખાન સિકંદરખાન પઠાણ:- ગયા વર્ષે ૩૦૭ ના ગુનામાં હવેલી પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છું.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)